RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૬૧ તા.૨ –૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અરૂણ એસ. પાઠક
સામાવાળા :– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન,
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જહેર માહિતી અધિકારી–ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠકની તા. ૦૩–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) લીંબાયતઝોનના પરવટ ગોડાદરા રોડ ઉપર આવેલ ઠાકોર નગર, પ્લોટ નં. ૭૬–૭૭માં ચાલતા એપાર્ટમેન્ટના બાંધકામ અંગેની મંજુરીની એટેસ્ટેડ નકલ સાથે ઉપરોકત પ્લોટમાં કેટલા ફલેટો પાડવામાં આવેલ છે તથા હાલ ઉપરોકત એપાર્ટમેન્ટમાં કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ થયેલ છે તથા ઠાકોરનગરમાં પ્લોટ નં. ૫૬માં ચાલતા બાંધકામની મંજુરી સાથે બાંધકામ અંગે વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૬૧/૨૦૧૧–૧૨

શ્રી અરૂણ એસ. પાઠકની તા. ૦૩–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) લીંબાયતઝોનના પરવટ ગોડાદરા રોડ ઉપર આવેલ ઠાકોર નગર, પ્લોટ નં. ૭૬–૭૭માં ચાલતા એપાર્ટમેન્ટના બાંધકામ અંગેની મંજુરીની એટેસ્ટેડ નકલ સાથે ઉપરોકત પ્લોટમાં કેટલા ફલેટો પાડવામાં આવેલ છે તથા હાલ ઉપરોકત એપાર્ટમેન્ટમાં કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ થયેલ છે તથા ઠાકોરનગરમાં પ્લોટ નં. ૫૬માં ચાલતા બાંધકામની મંજુરી સાથે બાંધકામ અંગે વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૭)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૭૩ તા. ૧૩–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન, જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને અપીલ તબદીલીની કોઈ વિગતો તેમની કક્ષાએ હોય તો પક્ષકાર જાહેર માહિતી અધિકારી તે આધારે જણાવવા સાથે અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૧૬–૩–૧૨થી પૂરક વિગતોમાં લીંબાયતઝોન તરફથી પત્ર નં. સા.ઈ.ઝોન(લીંબાયત)/આરટીઆઈ સેલ/આ.નં./૩૫૧૯ તા. ૧–૩–૧૨થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને આંશિક તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૦૩–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) લીંબાયતઝોનના પરવટ ગોડાદરા રોડ ઉપર આવેલ ઠાકોર નગર, પ્લોટ નં. ૭૬–૭૭માં ચાલતા એપાર્ટમેન્ટના બાંધકામ અંગેની મંજુરીની એટેસ્ટેડ નકલ સાથે ઉપરોકત પ્લોટમાં કેટલા ફલેટો પાડવામાં આવેલ છે તથા હાલ ઉપરોકત એપાર્ટમેન્ટમાં કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ થયેલ છે તથા ઠાકોરનગરમાં પ્લોટ નં. ૫૬માં ચાલતા બાંધકામની મંજુરી સાથે બાંધકામ અંગે વિગતવાર માહિતી આપશો. (૨)લીંબાયતના ગોડાદરા રોડ ઉપર આવેલ ઋષિનગર–૧માં હાલ કેટલા ગાળા ટાઈપના મકાનોનું બાંધકામ કરવામાં આવ્યું છે તે ઉપરોકત સોસાયટીમાં બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકાએ જે કાંઈપણ મંજુરી આપી હોય તેની એટેસ્ટેડ નકલ સાથે ઉપરોકત સોસાયટીમાં થયેલ ગાળા ટાઈપ મકાનોનું બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની વિગતવાર માહિતી આપશોજી.(૩) ગોડાદરા ખાતે આવેલ પ્રિયંકાસીટી–૨ માં પ્લોટ નં. ૧૩ થી ૨૦માં ગાળા ટાઈપ દુકાનો સાથેનું બાંધકામ કરવામાં આવ્યું છે તે ઉપરોકત બાંધકામને સુરત મહાનગરપાલિકા બાંધકામ અંગેની મંજુર આપીલ હોય તો તેની એટેસ્ટેડ નકલ સાથે હાલ ઉપરોકત જગ્યાએ કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ થયેલ છે તેની વિગતવાર માહિતી આપશો. (૪)

લીંબાયત ગંનાણા પાસે આવેલ રૂપનગરમાં રોયલ પાર્ક એપાર્ટમેન્ટ નામે બાંધકામ કરવામાં આવ્યું છે જે બાંધકામની સુરત મહાનગરપાલિકા દ્વારા આપેલ મંજુરીની એટેસ્ટેડ નકલ આપશો તથા હાલ ઉપરોકત એપાર્ટમેન્ટનું બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થયેલ છે અને ઉપરોકત એપાર્ટમેન્ટનું બાંધકામ મંજુરી મુજબ થયેલ છે કેમ તેને ઈન્સ્પેકશન કરાવી અમોને સંપુર્ણ વિગતવાર માહિતી આપશો. (૫) મહાદેવનગર–૪, ડિંડોલીમાં આવેલ જાગૃતિ પ્રાથમિક શાળાનું બાંધકામ અંગેની મંજુરીની નકલો આપશો તથા ઉપરોકત સ્કુલનું બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થયેલ છે તથા ફાયનલ પ્લોટ નંબર કેટલો છે તથા ઉપરોકત સ્કુલની જગ્યાના દસ્તાવેજોની એટેસ્ટેડ નકલો સાથે સંપુર્ણ વિગતવાર માહિતી આપશો. (૬) પાંડેસરા–અલથાણા રોડ પર હરીહરનગર પાસે આવેલ મારૂતિ નગરના મેઈન રોડ ઉપર મારૂતિ પ્લાય વુડના નામે થયેલ બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા બાંધકામની મંજુરી આપવામાં આવેલ તેની એટેસ્ટેડ નકલો સાથે ઉપરોકત બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થયેલ છે તથા તેને ફાયનલ પ્લોટ નંબર અને બ્લોક નંબર કેટલો છે તેની સંપુર્ણ વિગતવાર માહિતી આપશો. (૭) ઉધના બી.આર.સી. સામે આવેલ શીવ ભકિત એપાર્ટમેન્ટની સામે રામનગર, પ્લોટ નં. ૧૦૭–૧૦૮ની બાજુમાં કોર્નરવાળી જગ્યામાં પહેલા માળનું ચાલતું બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા જે કાંઈપણ મંજુરી આપવામાં આવેલ હોય તેની એટેસ્ટેડ નકલો સાથે ઉપરોકત બાંધકામનું ફાયનલ પ્લોટ નંબર કેટલો છે તથા તે બાંધકામની જગ્યાના દસ્તાવેજોની એટેસ્ટેડ નકલો સાથેની સંપુર્ણ વિગતવાર માહિતી આપશો. તેવી માહિતી માંગતી અરજી મ્યુ. કમિશનર અને જાહેર માહિતી અધિકારીને સંબોધતી મધ્યસ્થ કચેરી સુરત મહાનગરપાલિકાને તા. ૩–૨–૧૨ ના રોજ કરવામાં આવેલ. જે મધ્યસ્થ કચેરી દ્વારા આઈડી નં. ૬૪૮ તા. ૩–૨–૧૨થી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદાર તરફથી મળેલી પૂરક વિગતોના આધારે પત્ર નં. સા.ઈ.ઝોન/ લીંબાયત/૩૫૧૯ તા. ૧–૩–૧૨થી અંશતઃ કાર્યપાલક ઈજનેર અને ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં કોઈપણ માહિતી ન મળતા તા. ૨–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમા અરજદારે માહિતી ન આપતા અધિકારી વિરુદ્ધ કાયદેરસની કાર્યવાહી કરવા પણ જણાવેલ છે. અરજદારને બન્ને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પડાયેલ જણાતી નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧નું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨–૩–૧૨ ધ્યાને લેતાં ૩૧–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૦૩–૦૨–૧૨–ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોઈ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન તથા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોનને જણાવવામાં આવેલ છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોન....... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણ એસ. પાઠક